# પાલનપુરમાં બેલીમ નાળા પરની વિવાદીત દુકાનો તોડી પડાઈ

## ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં કુદરતી વ્હેણને વેચી ખાવાની પેરવી કરનારાઓને લપડાક!!! : ખુદ પાલિકાના ઉપપ્રમુખે શહેરને ડુબમાં જતું અટકાવવા કરેલી મુહીમ રંગ લાવી:કાયદાને ઘોળીને પી જઈ નાળાં પર પુનઃ દુકાનો બાંધવાની મંજૂરી આપનારાઓ સામે પગલાં ભરાશે ખરા?

પાલનપુર, તા. ૧૩

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના કેટલાક નગરસેવકો બે પાંદડે થવાની લ્હાયમાં કુદરતી વ્હેણને પણ વેચી ખાવાના પેંતરો રચ્યો હતો. પાલનપુર શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા બેલીમ નાળા પરની દુકાનો નાળું ચોક-અપ થઈ જતું હોઈ સને-૨૦૦૫માં તોડી પાડવામાં આવી હતી. જે જગ્યા પર ડોળો ફરતા કેટલાક નગરસેવકોએ ગત ટર્મની કારોબારીમાં કાયદાની અને કુદરતની વિરૂધ્ધમાં જઈ કુદરતી વ્હેણને અવરોધતા નાળાં પર પુનઃ દુકાનો બનાવવાની મંજુરી આપતો વિવાદાસ્પદ ઠરાવ કર્યો હોવાની ચોંકાવનારી વિગતો શહેરભરમાં ચર્ચાની એરણે ચડી હતી. જેની સામે ખુદ પાલિકા ઉપપ્રમુખે કલેકટર સમક્ષ દાદ માંગતા જીલ્લા સમાહર્તાએ પણ જાહેર હીતમાં ઉકત દબાણ દુર કરવાના આદેશો કરતા આજે પાલિકાની ટીમ ધ્વારા આખરે આ વિવાદીત દુકાનોનું બાંધકામ દુર કરાતા કાયદાનો સગવડીયો ઉપયોગ કરી ખિસ્સા ગરમ કરતા નગરસેવકો સહીતના કબાડી તત્વોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી હતી.

પાલનપુર શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં એઝાઝ એગ્ઝથી મટન માર્કેટ તરફ થઈ અશોક સોસાયટી સુધી જવાના માર્ગ પર કુદરતી વ્હેણ સમુ ગંદા પાણીના નિકાલ માટેનું નાળું આવેલું છે. જે નાળાં પર જે-તે સમયે દુકાનો આવેલી હોઈ નાળાંની બરાબર સફાઈ થઈ શકતી નહતી. જેથી છાશવારે નાળું ચોકઅપ થઈ જતા ગંદા પાણી સહીત વરસાદી પાણીના નિકાલના અભાવે નીચાણવાળાં વિસ્તારોમાં પાણી ફરી વળતા હતા. જોકે, ૨૦૦૫માં ભારે વરસાદને પગલે આ નાળું ચોકઅપ થતા વરસાદી પાણી નીચાણવાળા વિસ્તારોમાં ઘુસી જતા તારાજી સર્જાઈ હતી. જેને પગલે તત્કાલની પ્રાંત અધિકારી લાખાણીએ દબાણ હટાવો અભિયાન તળે નાળાં પરની કુદરતી વ્હેણને અવરોધતી તમામ દુકાનો તોડી પાડી દબાણ દુર કરાવી નાળાંને ખુલ્લુ કરાવ્યું હતું.

જોકે, ભાજપ શાસિત પાલનપુર પાલિકાની ગત ટર્મની કારોબારી કમીટીમાં પુત્રમ-પુષ્પમ્ કરીને પાલિકાના આર્થિક હીતોને ચુનો ચોપડી આ નાળાં પર કુદરતી વ્હેણને જ અવરોધતી ચાલીસેક દુકાનોને પુનઃ બાંધવાની મંજુરી આપી દેવામાં આવી હતી. જેની સામે ખુદ શાસક પક્ષના સભ્યોના આંખમિચામણાં વચ્ચે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના લોકોએ પણ નારાજગી વ્યકત કરી હતી. દરમિયાન, પાલિકાના ઉપપ્રમુખ અમૃત દાઢીએ આ વિવાદીત બાંધકામ સામે બાંયો ચડાવી જાહેર હીતમાં તેને રોકવા કલેકટર સમક્ષ દાદ માંગી હતી. જેમાં આખરે વાસ્તવિકતાનો સ્વીકાર કરી જાહેર હીતને ધ્યાનમાં લઈ જીલ્લા સમાહર્તાએ પણ ઉકત દબાણ દુર કરવાનો આદેશ કર્યો હતો. જે આદેશને પગલે આજે પાલિકાનો કાફલો ઘટનાના સ્થળે દોડી આવ્યો હતો. અને જે.સી.બી મશીન વડે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉકત દબાણ દુર કરાતા ચકચાર મચી જવા પામી હતી.





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### કાયદાને ઘોળીને પી જનારાઓ સામે પગલાં ભરવા માંગ

પાલનપુરના બેલીમ નાળા પર દુકાનો બનાવી તેને વેચી મારવાની પેરવી કરનારા તત્વોને દબાણ દુર કરાવી પ્રશાસને લપડાક તો લગાવી છે. પરંતુ એમાં આર્થિક નુકસાન તો માત્ર દુકાનદારોને જ થયુ઼ છે. જયારે કુદરતી વ્હેણને વેચી ખાવાનો કારસો રચી વેપારીઓ પાસેથી ખિસ્સા ગરમ કરનારા નઠારા તત્વો તો આજે પણ લીલાલહેર કરતા ફરે છે. વેપારીઓ તો ધંધા રોજગાર માટે પ્રલોભનમાં આવી ખોટું કરવા પ્રેરાય તે સ્વાભાવિક છે. જોકે, તેઓનું દબાણ તોડી પાડી તેઓને તો સબક અપાયો પરંતુ તેઓને ખોટું કરી આપી કાયદાને ઘોળીને પી જનારા નગરસેવકો, ચીફ ઓફીસર સહીતના સત્તાધીશો સામે પણ પગલાં ભરાય તેવી માંગણી જોર પકડી રહી છે. ત્યારે જીલ્લા સમાહર્તા આવા તત્વોને પણ કાયદાનો પાઠ ભણાવશે ખરા??? તેના પર નગરજનોની મીટ મંડાઈ છે.

# અંબાજી આર.ટી.ઓ. કચેરીમાં ધમાલ : ચાર ઈસમોની ધરપકડ

ડીસા, તા. ૧૩

અંબાજી ખાતે આવેલી આર.ટી.ઓં. કચેરીમાં ગત મોડી રાત્રે ૩ કલાકે એક ખાનગી લકઝરી બસ ચાલક સાથે રાજસ્થાન પોલીસ ચોકી નાં કર્મચારીઓં એ વિવાદ કરી ચાલક ને માર મારતા વિવાદ છવાયો હતો, જેમાં તે બાદ બસ ચાલક અને તેના ટેકામાં મુસાફરો જોડાતા રાજસ્થાન ના પોલીસ કર્મચારી ઓં કારમાં સવાર થઈ ભાગ્યા હતા, અને અંબાજી આર.ટી.ઓં. કચેરીમાં ઘુસી પાછલા દરવાજે થી રફુચક્કર થઈ ગયા હતા, જોકે રોષિત ટોળાએ ભાગેલા રાજસ્થાન નાં પોલીસકર્મીઓની જગ્યાએ આર.ટી.ઓં. કચેરી ને નિશાન બનાવી હતી, અને ફરજ પરના આર.ટી.ઓં. ઈન્સ્પેકટર એચ.કે. દેસાઈ ને ઝડપી મૂઢ માર મારતા તે લોહી લુહાણ થયા હતા, જોકે મામલો બીચકતા બનાસકાંઠા ની વિવધ પોલીસ મથકો ની ટીમો ધટના સ્થળે દોડી આવી હતી અને પરીસ્તીથી થાળે પાડી હતી. આ મામલે અંબાજી પોલીસે ચાર ઈસમો ની અટકાયત કરેલ છે, અને કુલ ૧૪ વિરુદ્ધ ગુનો નોધી તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠા નાં અંબાજી ખાતે 'પાડા નાં વાંકે પખાલી ને ડામ' જેવી બનેલી આ ધટના માં અંબાજી આર.ટી.ઓં. કચેરીમાં ભારે ધાંધલ ધમાલ મચી હતી અને આઠ કલાક જેટલા સમય સુધી કચેરી ને તોફાની ટોળાં એ બાનમાં લઈ કચેરી માં તોડ ફોડ મચાવી હતી, અને વ્યાપક નુકશાન કર્યું હતું, આ મૂળ તકરાર રાજસ્થાન બોર્ડર પરના નાઈટ ડયુટી પરના પોલીસ કર્મી અને લકઝરી ચાલક વચ્ચે હતી. જેમાં લકઝરી ચાલક નો પીછો કરતા ગુજરાત માં અંબાજી આર.ટી.ઓં. કચેરીમાં ધુસી આવેલા પોલીસ કર્મી ભાગી છુટ્યા હતા, જયારે નિર્દોષ એવા આર.ટી.ઓં. ઈન્સ્પેકટર એચ.કે. દેસાઈ લોકોના હાથે આવતા તેમને ધીબી નાખવામાં આવ્યા હતા, રાત્રીનાં ત્રણ વાગ્યાનાં સમયે મુઠ્ઠી ભર અંબાજી આર.ટી.ઓં. કચેરી સ્ટાફ ટોળું જોઈ જીવ બચાવી નાસી છુટ્યા હતા, જોકે -ઈવેટ ડ્રેસ્સ માં નિદર માણતાં નિર્દોષ આર.ટી.ઓં. ઈન્સ્પેકટર એચ.કે. દેસાઈ ની વિના વાંકે લોકો એ મરજી મુજબ ધોલાઈ કરી હતી, જેમને બાદમાં સારવાર અર્થે ખસેડાયા હતા.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

### ધનસુરા યાર્ડની ચૂંટણીમાં વિકાસ પેનલનો વિજય

ધનસુરા યાર્ડની શુક્રવારે યોજાયેલી ચૂંટણીની મત ગણતરી શનિવારે યાર્ડમાં સઘન પોલીસ બંદોબસ્ત હેઠળ હાથ ધરાઈ હતી. જેમાં ખેડૂત વિભાગની આઠ અને વેપારી વિભાગની ૪ બેઠકો ઉપર વિકાસ પેનલના ઉમેદવારો વિજેતા બન્યા હતા. ઉલ્લેખનીય છે કે, સહકાર વિભાગમાં જગદીશભાઈ શામજીભાઈ પટેલ અને રાજેન્દ્રસિંહ શીવસિંહ ઠાકોર બિનહરીફ થયા હતા. ખેડૂત વિભાગના વિજેતા ઉમેદવારો : (૧) ચીમનભાઈ દાનાભાઈ પટેલ (૨) ભોગીલાલ મણીલાલ પટેલ (૩) રમમભાઈ શામજીભાઈ પટેલ (૪) નટવરભાઈ ભાણજીભાઈ પટેલ (૫) પ્રવિણભાઈ મણીભાઈ પટેલ (૬) શાંતિલાલ મણીલાલ પટેલ (૭) હિતેન્દ્રભાઈ વિરમભાઈ પટેલ (૮) ધનસુખભાઈ કરસનભાઈ પટેલ. વેપારી વિભાગમાં વિજેતા ડીરેક્ટરો (૧) ભરતભાઈ સોમાભાઈ પટેલ (૨) નરેન્દ્રભાઈ લાલાભાઈ પટેલ (૩) સચીનકુમાર અરવિંદભાઈ પટેલ (૪) અશોકકુમાર પરષોત્તમદાસનો વિજય થયો હતો.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

બાયડતાલુકામાં નવીન શરૂ કરાયેલા સાઠંબા પોલીસ સ્ટેશનમાં ગાબટ પંથકના ૧૦ ગામો અને તેના પેટાપરાંઓનો સમાવેશ કરાતાં ગ્રામજનોમાં વિરોધ વંટોળ ઉભો થયો છે. ગામોને બાયડ પોલીસ સ્ટેશનમાં સમાવવાની માંગ સાથે ગામોના સરપંચો સહિત આગેવાનો દ્વારા શુક્રવારે બાયડ મામલતદારને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. સરસોલી ગામના અગ્રણી દિલીપભાઈ પટેલ, ક્ષત્રિય સમાજના ધવલસિંહ ઝાલા, સીરાજ મોડાસીયા વગેરેએ જણાવ્યું કે, સાઠંબા પોલીસ સ્ટેશનમાં ગાબટ, સીમલજ, સરસોલી, રૂપનગર, ધરમડીવાંટા, પ્રાંતવેલ, અહમદપુરા, ગોતાપુર, સીમલીયા, જીતપુર ગામો તેમજ તેના પેટાપરાઓનો સમાવેશ કરાયો છે. જેને લઈ અહીંના ગ્રામજનોને બાયડના બદલે સાઠંબા જવાનું થતાં વિરોધ ઉભો થયો છે.

### ૬ વર્ષના રિસામણાં તૂટ્યા : પરિવારમાં કિલ્લોલ

મોડાસાનામુસ્લિમ વિસ્તારમાં રહેતી બે બાળકોની માતા પતિના ત્રાસથી કંટાળી પિયરમાં ચાલી ગઈ હતી. પત્ની વગર એકલતા અનુભવતા અને બાળકોના ભવિષ્યની ચિંતાથી ગ્રસ્ત બનેલા પતિએ મોડાસા ખાતેના મહિલા સહાયતા કેન્દ્રમા વિના સંકોચે અરજી કરી અને કેન્દ્રના કાઉન્સિલરોના સૂઝબૂઝભર્યા પ્રયત્નોથી પંદર વર્ષનું લગ્ન જીવન નંદવાતાં બચ્યું હતું.

મોડાસાના સલીમભાઈ (નામ બદલ્યું છે)ના પંદર વર્ષ પહેલા નઝમાબેન (નામ બદલ્યું છે) સાથે લગ્ન થયા હતા. લગ્ન જીવન દરમ્યાન નઝમાબેને બે પુત્રો થયા હતા. જે આજે ૧૩ અને ૭ વર્ષના છે. પતિ પત્ની વચ્ચેના નાના મોટા ઝઘડા અને પતિએ માર મારતાં મોંઢાના ભાગે ઈજાઓ પહોંચતાં નઝમાબેન પતિ અને ઘરને છોડી રિસાઈ પિયરમાં માતાના ઘરે રહેવા જતાં રહસ હતી. પત્ની દ્વારા કરાયેલ ભરણપોષણની અરજી બાદ દર માસે રૂ.૨૭૦૦ ભરણપોષણ ચુકવવાનો કોર્ટે આદેશ કર્યો હતો. પત્ની વગર એકલતા અનુભવી રહેલા સલીમભાઈને વર્ષનો વિરહ સતાવતો હતો. બાળકોના ભવિષ્યનું શું એમ વિચારી સલીમભાઈએ નિઃસંકોચ મોડાસા ખાતેના મહિલા સહાયતા કેન્દ્રમાં મદદ માટે ધા નાંખી અને પછી શરૂ થયું કાઉન્સેલીંગ. નજમાબેન વારંવાર કોલ કરવા છતાં સપોર્ટ સેન્ટરમાં આવ્યા. કાઉન્સિલરોએ ઘરની વિઝિટ કરી નજમાબેનની આપવીતી જાણી. પતિએ માર મારતાં મોંઢાના જડબાની ઈજાઓ બતાવતાં નજમાબેને હાલ જે ઘરમાં રહેતા હતા તે મકાન અંગેનો પ્રૅ રજૂ કર્યો. પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરમાં નજમાબેન, તેમના ભાઈઓ અને પતિ સાથે બેઠક યોજાઈ. ભાઈઓએ મકાન બહેન નજમાને આપ્યું અને પતિએ હવે કયારેય મારઝૂડ નહીં કરવાની ખાત્રી આપી, બાળકોને ભણાવીશ અને તમામ આર્થિક જવાબદારી નિભાવીશના મુદ્દે ચર્ચાઓ, બેઠકો બાદ વર્ષથી નંદવાયેલું લગ્નજીવન ચાર માસના ભગીરથ પ્રયત્નો બાદ પુનઃ જોડાયું. આમ, આજે પરિવાર સપોર્ટ સેન્ટરના માધ્યમથી ફરી આનંદ કિલ્લોલ કરતો થયો છે.

# સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં પુરુષોત્તમ માસ અને રમઝાન માસનો એક સાથે શુભારંભ

## ઉપવાસ અને રોઝા કરવાના આ પવિત્ર મહિના દરમ્યાન ફ્રુટ,ડ્રાયફ્રુટના ભાવ આસમાને પહોંચી જશે

ભિલોડા,તા.૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં પુરુષોત્તમ માસ અને રમઝાન માસનો એક સાથે શુભારંભ થશે. હિન્દુઓ ઉપવાસ કરશે અને મુસ્લીમ બિરાદરો રોઝા રાખી પવિત્ર પાવન મહિના દરમ્યાન ભાવિક ભક્તો ભક્તિના રંગે રંગાઈ જશે. ફ્રુટ, ડ્રાયફ્રુટના ભાવ આસમાનો પહોંચી જશે તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

પવિત્ર પાવન પુરુષોત્તમ માસ તા.૧૭/૬/૨૦૧૫ને બુધવારથી હિન્દુ અને મુસ્લીમ ધર્મના બે પવિત્ર પાવન માસનો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે ઉપવાસ અને રોઝા રાખી ભગવાનની સતત ઉપાસના અને ભક્તિ કરવાનો અનેરો મહિમા શાસ્ત્રોમાં વર્ણવાયેલો છે. ભાવિક ભક્તોમાં આનંદની લાગણી પ્રસરી છે. ધાર્મિક વાતાવરણનો માહોલ ઠેર-ઠેર જોવા મળશે.હિન્દુઓમાં પવિત્ર પાવન પુરુષોત્તમ માસનો અનેરો મહિમા જોવા મળતો હોય છે. મુસ્લીમોમાં પણ રમઝાન માસ ખુબ પવિત્ર માસ તરીકે ગણાય છે.

પવિત્ર પાવન પુરુષોત્તમ માસનો અમાસથી શુભારંભ થશે અને મુસ્લીમો એકમનો ચંદ્ર દેખાયા પછી રોઝા શરૂ કરશે.પવિત્ર પાવન પુરુષોત્તમ માસ દરમ્યાન વિવિધ ધાર્મિક પ્રવૃત્તીઓ, અનુષ્ઠાનો, કથા, પાઠ, ભાગવત સપ્તાહ સહિત વિવિધ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો ઠેર-ઠેર યોજાશે. મંદીરોમાં ઠેર-ઠેર તડામાર તૈયારીઓનો ધમધમાટનો શુભારંભ થઈ ગયો છે. હિન્દુ અને મુસ્લીમ સમાજના ભાવિક ભક્તો આ પવિત્ર પાવન માસ દરમ્યાન શ્રધ્ધાળુઓમાં ઉપવાસ કરવાનું વિશેષ મહત્વ જોવા મળતું હોય છે. ફરાળમાં વપરાતી ચીજવસ્તુઓ બજારમાં જોવા મળી રહી છે. રમઝાન માસ પણ આ સમયગાળા દરમ્યાન જ શુભારંભ થશે ત્યારે મુસ્લીમ બિરાદરો સમગ્ર માસ દરમ્યાન રોઝા રાખી ઉપાસના કરશે. મસ્જીદોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.પવિત્ર પાવન પુરુષોત્તમ માસ અને રમઝાન માસ દરમ્યાન ફળોનો ઉપયોગ સૌથી વધુ થતો હોવાના કારણે ફ્રુટ અને ડ્રાયફ્રુટના ભાવ આસમાને પહોંચી જશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨ માં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે ગુણવંતલાલ ત્રિવેદી, કાંતીલાલ પટેલ, મનોજભાઈ પટેલ, અમરતલાલ પરમાર, ઋષીકેશભાઈ ભાવસાર, શાંતીલાલ ત્રિવેદી, અનિલભાઈ રાવલ, ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર-૨ આચાર્ય, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓના માતા-પિતા અને વિદ્યાર્થીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ નિમિત્તે નાના-નાના ભુલકાઓને આવકારી કુંમ-કુંમ તિલક કરી મોં મીઠું કરાવી પ્રવેશોત્સવની ટોપીઓ પહેરાવી વિદ્યાર્થી બાળકોને આવકાર આપી હર્ષભેર આવકારતા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# ભિલોડા બજારની બંધ દુકાનમાં તસકરો ત્રાટક્યા

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં હાર્દસમા બજારોમાં અને હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં દિન-પ્રતિ-દિન ચોરીઓનો ઉપદ્રવ વધતાં પ્રજાજનો અને વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડામાં પોલીસ નાઈટ પેટ્રોલીંગમાં વેઠ ઉતારતી હોવાનું લોકમુખે ચર્ચાય છે. ભિલોડામાં પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવા પ્રજાજનોની પ્રબળ લોક માંગણી છે.

ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ શ્રી કૃષ્ણ સિનેમા સામે આવેલ એક ઈલેક્ટ્રોનિક્સની દુકાનમાં અજાણ્યા તસ્કરો મધ્યરાત્રે ત્રાટક્યા હતા. આ દુકાનમાં તસ્કરોએ ટુંકાગાળામાં બે વખત ચોરી કરી હોવાનું જાણવા મળેલ છે. ભિલોડામાં જય ઈલેક્ટ્રોનીક્સ, પ્રો.કિર્તીકુમાર દયારામ પંચાલની દુકાનમાં અજાણ્યા તસ્કરોએ મધ્ય રાત્રે લોખંડનું પતરૂ કાપી દુકાનની અંદર પ્રવેશ કરી ૫ એલ.ઈ.ડી. ટી.વી. સહિત નાની-મોટી ચીજવસ્તુઓની ચોરી કરી કુલ મુદ્દામાલની અંદાજીત કિંમત રૂા.૫૦,૦૦૦/-થી વધુ હોવાનું જાણવા મળેલ છે. જય ઈલેક્ટ્રોનીક્સની દુકાન પાછળ પોલીસ હોમગાર્ડનો પોઈન્ટ પણ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦